## કોવિડ-19 (Covid-19) કિસ્સાઓ ઉપર આધારિત પબ્લિક હેલ્થ ટીમ દ્વારા અઠવાડિક નિવેદન

**9 જુલાઈ 2021**

4 જુલાઈના રોજથી સાત દિવસો સુધીમાં (કે જેનો આધાર 9 જુલાઈના પ્રસિધ્ધ થયેલ ડેટા- માહિતી ઉપર રાખવામાં આવે છે) બ્રાઈટન અને હોવમાં (Brighton & Hove) અમારે કોવિડ-19 ના (COVID-19) નવા 1,275 કન્ફર્મડ કે સમર્થિત કિસ્સાઓ થવા પામ્યા હતાં– આગળના અઠવાડિયાથી 691 કેસીસ ઉપર કે વધારે. આ છે:

- અગાઉના અઠવાડિયા કરતાં 84.5% વધારે
- કે જે 100,000 રહેવાસીઓ દીઠના સમાનાર્થ કે તુલ્ય અઠવાડિક દર પ્રમાણે 438.3 કહેવાય
- સાઉથ ઈસ્ટ (South East) માટેના દર- પ્રમાણ કરતાં વધારે ઊંચા કે જે 100,000 દીઠ 192.9 હતાં
- ઈંગ્લેન્ડ (England) માટેના દર- પ્રમાણ કરતાં વધારે ઊંચા કે જે 100,000 દીઠ 275.6 હતાં

### બ્રાઈટન અને હોવ (Brighton & Hove) માટે આનો અર્થ શું થાય?

બે નવા સિમ્પટન- ફ્રી ડ્રોપ-ઈન PCR મોબાઈલ ટેસ્ટીંગ યૂનિટસ, કે જે કોઈ એક હોવના (Hove) દરિયાકાંઠે આવેલ પીસ સ્ટેટ્યૂ (Peace Statue) માં છે, અને જ્યૂબિલિ સ્ક્વેરમાં (Jubilee Square), કે જે જ્યુબિલિ લાઈબ્રરિની (Jubilee Library),આગળ આવેલ છે તે ખુલ્લા મૂકવામાં આવેલ છે જે કોવિડના (Covid) વધારે કેસીસ શોધી કાઢી અને પ્રસારણ થવાના ભય અલ્પતમ રાખવામાં મદદરૂપ રહયા છે.

### 18-29 વયની ઉંમરના બધાજને બોલાવીએ છીએ

સ્થાનિકરીતે, યુવાનોમાં કેસીસ સૌથી વધારે ઝડપથી વધી રહયા છે તેથી અમે 18-29 વયની ઉંમરના બધાજને બેમાંથી કોઈ એક નવી ટેસ્ટીંગ સાઈટસ- કસોટી કરવાના સ્થળોએ સિમ્પટન- ફ્રી PCR ટેસ્ટ કરાવવાની વિનંતી કરીએ છીએ. જો તમને વાઈરસ હશે તો આ તમને જણાવશે કે જેથી કરીને તમે સ્વયં-એકાંતવાસ રાખી અને આવા પ્રસારણની કડી ભાંગવા કે તોડવામાં મદદરૂપ બની શકો.

ચિંતિત બનશો નહિ, જો તમારૂં કોવિડ (Covid) ટેસ્ટનું પરિણામ પોઝિટિવ હોય તો – તમે નાણાકીય મદદ માટે અરજી કરી શકશો – જો તમને સ્વયં-એકાંતવાસ રાખવાથી તે ગુમાવવાનું થાય તો.

વ્યાવહારિક અથવા તંદુરસ્તી માટે અમારી કમ્યૂનિટિ હબમાંથી સપોર્ટ પણ મળી રહે છે કે જે તમને દરરોજના ઘરગથ્થુ કાર્યમાં મદદરૂપ બની અને તમને કેવુ લાગી શકે તેમાં તમને સપોર્ટ કરશે.

### નવા વોકઃ ઈન (ચાલીને જઈ શકાય તેવા) PCR ટેસ્ટ સ્થળો કયાં છે અને તે કયારે ખુલ્લા હોય છે?

- પીસ સ્ટેટ્યૂ (Peace Statue), હોવના દરિયાકાંઠે (Hove Seafront): દરરોજ બપોરના 12 થી સાંજના 7 (રવિવાર 11 જુલાઈથી)
- લાઈબ્રરિની બાજુમાં, જ્યૂબિલિ સ્ક્વેર (Jubilee Square): સોમવારથી શનિવાર, સવારના10 થી સાંજના 5 અને રવિવારે સવારના 11થી સાંજના 5

### મારે શા માટે PCR ટેસ્ટ લેવો જોઈએ?

- 3 લોકોમાંથી 1 વ્યક્તિને કોવિડ (Covid) હોઈ શકે અને સ્પષ્ટપણે જાણ્યા વગર તે ફેલાઈ રહયો છે.
- સિમ્પટન- ફ્રી PCR ટેસ્ટીંગ કેસીસ જલદીથી શોધી શકે છે જેથી કરીને તમે સ્વયં-એકાંતવાસ રાખી અને ફેલાવો અટકાવી શકો.

- શહેરમાં કંઈ બધાજનું હજી સુધી વેક્સિનેશન થયેલ નથી, હજી પણ વલ્નરેબલ કે નિર્બળ લોકો રહયા છે કે જો તેઓને કોવિડ (Covid) થાય તો તેઓ ખૂબજ બીમાર થઈ શકે.
- જો કોવિડના (Covid) દર-પ્રમાણને વધતો જતો દેવામાં આવે તો, નવા વેરિઅન્ટના વિકાસનો ભય-જોખમ રહે છે
- 18-29 વર્ષની વયના લોકોમાં કેસીસનો સૌથી ઝડપી વધારો થઈ રહયો છે.
- શહેરમાં ઘણા બધા બાર્સ, કેફેઝ, રેસ્ટોરન્ટ અને પબ્સને છેલ્લા થોડાક અઠવાડિયાઓમાં બંધ કરવા પડયા હતાં, અને વધારેને (બંધ કરવાની) જરૂરનો ભય રહયો છે, કારણકે આવી ઉંમરના જૂથના સ્ટાફને કાંતો કોવિડ (Covid) થવાનો અથવા સ્વયં- એકાંતવાસ રાખવો પડે તેમ હોય છે.

## કોવિડના (Covid) ફેલાવાને બંધ કરવામાં મદદરૂપ બની શકે તેવી સૌથી મહત્વની કઈ કાર્યવાહી આપણે બધા કરી શકીએ?

વેક્સિનેશનનો પ્રોગ્રામ ઉત્તમ કે અસાધારણરીતે સફળ રહી અને ચેપ, ગંભીર બીમારી અને લોકોને હોસ્પિટલમાં જવા વચ્ચેની કડી કે જોડાણને નબળુ પાડી રહયુ છે.

જો તમે તમારું પહેલુ વેક્સિનેશન લીધુ ન હોય તો, કૃપા કરી જઈ અને શકય હોય તેટલી જલદીથી આ કરો.

બ્રાઈટન અને હોવમાં (Brighton & Hove) દરરોજ સગવડભરેલી, એપોઈન્ટમેન્ટ વગરની, દસ્તાવેજીકરણ વગરની વેક્સિનેશન સેશનો હવે ખુલ્લી હોય છે. શનિવાર- રવિવારે તે બ્રાઈટન રેસકોર્સ (Brighton Racecourse) અને હોવ લોન્સમાં (Hove Lawns) હોય છે. 12 જુલાઈથી, બ્રાઈટન સેન્ટર (Brighton Centre) અને સાથોસાથ બીજા મોબાઈલ સ્થળોએ ડ્રોપ – ઈન સેશનો પણ ખુલ્લી રહેશે.

જો તમે આઠ અઠવાડિયાઓ પહેલાં તમારું પહેલુ વેક્સિનેશન લીધુ હોય અને તમારું બીજુ મેળવવા રાહ જોઈ રહયા હો તો, તમે હવે વોક- ઈન સેશનોમાં પણ આ કરી શકશો.

તમારા મિત્રો અને પરિવારને ટેકસ્ટ કરી અને તેઓને પણ તેઓનું વેક્સિનેશન મેળવવા સપોર્ટ કરો.

આવી સેશનોની બધીજ વિગતો www.sussexhealthandcare.uk/get-my-jab” માં મળી શકે.

## સ્કૂલો અને વિધાર્થીઓ

બધાજ માબાપો અને કેરર્સ, અને તેઓના સપોર્ટ બબલ્સ, અને ખાસ કરીને સ્કૂલો અને કોલેજીસના 11-18 વર્ષનાઓ, હજી પણ લેટરલ ફ્લો ડિવાઈસ (Lateral Flow Device) (LFD) ટેસ્ટ ઘરે અઠવાડિયામાં બે વખત લેતા હોવા જોઈએ, અને પરિણામોનો રિપોર્ટ આપી શકે. આવી વિનંતી ઉનાળાની રજાઓમાં પણ ચાલુ રહેશે.

## નિયમો અને સલાહ અનુસરવાનું રાખો

બ્રાઈટન અને હોવ (Brighton & Hove) બિઝનેસ કે વેપાર- ધંધા માટે ખુલ્લા છે – અને જો આપણે બધા આવા નિયમો અને સલાહને અનુસરવાનું ચાલુ રાખીએ તો, શહેરને જે કંઈ ઓફર કરવાનું હોય છે તેમાં આનંદ માણવાનું ચાલુ રાખી શકીએ.

### મૂળ- પાયાનું

- જો તમારાથી બની શકે તો, તમે જયારે પ્રવૃતિમય અને ગિરદી- ભીડવાળા સ્થળોની અંદર હો ત્યારે મોઢા ઉપરનું આવરણ- કવરિંગ પહેરશો.
- તમારા ઘરના માણસો અથવા સપોર્ટ બબલમાં ન હોય તેવી દરેક વ્યક્તિથી 2 મીટર્સ દૂર રહો.
- જયાં આ શકય ન હોય ત્યાં, મોઢા ઉપરનું કવરિંગ પહેરવા જેવી વધારાની સાવચેતીઓ સાથે 1 મીટર્સ દૂર રહો.
- નિયમિતરીતે તમારા હાથો સાફ કરો અને ઓછામાં ઓછી 20 સેકન્ડો માટે.
- જાહેર કે પબ્લિકના અદરના વિસ્તારો સારા એવા વેન્ટિલેટ કે હવાની આવ-જાવવાળા રાખો.

## ટેસ્ટીંગ

- અઠવાડિયામાં બે વખત ફ્રી રેપિડ લેટરલ ફ્લો ડિવાઈસ (Lateral Flow Device) (LFD) ટેસ્ટીંગ કરાવો, કિટસ કે જે ઘરમાં લોકોને કોવિડ-19 (COVID-19) ના લક્ષણો ન હોય તેવા લોકો માટે હોય છે, અને જો પોઝિટિવ હોય તો એકાંતવાસ રાખો.
- ફાર્મસિમાંથી અથવા ઓનલાઈન ફ્રી LFD કિટસ મેળવો
- તમારા પરિણોમોનો રિકોર્ડ રાખો - અને જો તે પોઝિટિવ હોય તો તાત્કાલિક PCR ટેસ્ટ બુક કરાવી પરિણામને કન્ફર્મ કરો
- અને જો તમને રોગના લક્ષણો હોય તો, – ભલે તે કેટલા હળવા હોય તો – કૃપા કરી PCR ટેસ્ટ કરાવી અને સ્વયં-એકાંતવાસ રાખો.